# G N L U N E W S C L I P S

## કોન્ફરન્સમાં એટર્ની જનરલ આર. વેંકટરામણીએ કહ્યું કે

# કાનૂની માળખાનું મૂલ્યાંકન કરવા 'ગ્રોસ સોશિયલ હેપીનેસ ઇન્ડેક્સ' જરૂરી છે...

**ગાંધીનગર:** શાસનમાં કાયદા અને અર્થશાસ્ત્રની ભૂમિકા વિશે વાત કરીએ તો 'કાનૂની માળખાનું મૂલ્યાંકન કરવા માટે 'ગ્રોસ સોશિયલ હેપીનેસ ઇન્ડેક્સ' રજૂ થવું આવશ્યક છે.' આ શબ્દો છે આર. વેંકટરામણીના...

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (GNLU) ખાતે કાયદા અને આર્થિક વિશ્લેષણના નીતિશાસ્ત્ર, સમાવેશકતા અને સસ્ટેનેબિલિટી પર 8મી ઇન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. આ કોન્ફરન્સમાં ચિફ ગેસ્ટ તરીકે ભારતના એટર્ની જનરલ આર. વેંકટરામણી ઉપસ્થિત રહ્યાં હતા.

કોન્ફરન્સમાં કાયદા વિશે તેમજ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા તેમણે જણાવ્યું કે, 'લૉ સ્ટુડન્ટ તરીકે, મને રસ છે કે, કાનૂની અને આર્થિક વિચાર જીવનના તમામ પાસાઓમાં સમાન ભાગીદારીને કેવી રીતે પ્રોત્સાહન આપી શકે છે. કાયદો ન્યાયને સંસ્થાકીય બનાવવા માટે એક માળખું પ્રદાન કરે છે, પરંતુ શું તે ન્યાયને વધારતા આર્થિક સિદ્ધાંતોને એકીકૃત કરવા માટે વિકસિત થઈ શકે છે? કાયદા, નીતિઓ સર્વશ્રેષ્ઠ સેવા આપવાનો દાવો કરે છે, પરંતુ આપણે તેમની અસરકારકતા કેવી રીતે માપી શકીએ? શું આપણે આર્થિક વિકાસની જેમ કાયદાઓનું મૂલ્યાંકન કરવા માટે 'ગ્રોસ સોશિયલ હેપીનેસ ઇન્ડેક્સ' વિકસાવવો જોઈએ?'

### કોન્ફરન્સમાં આ મુદ્દાઓ મહત્વપૂર્ણ રહ્યાં હતાં

- ઇન્ટરનેશનલ ટ્રેડમાં સસ્ટેનેબિલિટીનું મહત્ત્વ હોવું જોઈએ
- પ્લાસ્ટિક અને ઈલેક્ટ્રોનિક્સ જેવા ઉદ્યોગોમાં સર્ક્યુલર પોલિસીની જરૂરિયાત છે
- ઐતિહાસિક દ્રષ્ટિકોણથી નીતિગત અસરોનો સંદર્ભ આપતા કાયદા અર્થશાસ્ત્રના નૈતિક પાયા પર ચર્ચા કરાઈ

# GNLUમાં મૉક ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસ સ્પર્ધા શરૂ

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે સેન્ટર ફોર કોર્પોરેટ એન્ડ ઈન્સોલ્વન્સી લૉ દ્વારા ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા અને ઈન્સોલ્વન્સી લૉ એકેડમીનાં સહયોગથી ત્રિદિવસીય મૉક ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસ સ્પર્ધાનું આયોજન કરાયું છે. જેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને નાદારી અને નાદારી સંહિતા, ૨૦૧૬(આઈબીસી) હેઠળ કોર્પોરેટ ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસનું અનુકરણ કરીને કોર્પોરેટ એન્ટરપ્રાઈઝને ચાલુ રાખવાની પદ્ધતિથી અવગત કરાવવાનો છે. આ સ્પર્ધામાં ભાગ લેતી સમગ્ર દેશની લૉ અને મેનેજમેન્ટ સંસ્થાઓની લગભગ ૩૦ ટીમો નાણાકીય, આર્થિક અને કાયદાકીય પાસાઓને ધ્યાનમાં રાખીને મુશ્કેલીમાં મુકાયેલા દેવાદાર માટે રિઝોલ્યુશન પ્લાન પર વિચાર કરશે અને તેને કૃત્રિમ ક્રેડિટર્સ કમિટી અને કૃત્રિમ નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરશે.

**Gujarat Samachar**
**Friday, March 07, 2025**

---

# HARSH AMIPARA

## GUJARAT NATIONAL LAW UNIVERSITY



### If I were Yamraj at a traffic signal...

I learned that death is the ultimate reality for each human. If I were Yamraj at a traffic signal, I would get to know how people connect to the world around them and find the ultimate goal of human existence.

**The Times of India**
**Tuesday, March 25, 2025**